ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૨ ટકા

# રેપીડ ટેસ્ટ માટે તમામ કેન્દ્રો પર લાંબી કતારો

## સેક્ટર-૨, સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ ના રેપીડ એન્ટીજન ટેસ્ટ સેન્ટર પર કતારો જોવા મળી : સવારથી જ વસાહતીઓ ટેસ્ટ કરાવવા માટે પહોંચી જાય છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં કોરોનાનો કહેર હજુ યથાવત રહ્યો છે. આ બાબતનો ખ્યાલ ટેસ્ટ સેન્ટરો પર લાગેલી ભીડ જોઈને જ આવી જાય છે. સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ અને સેક્ટર-૨ ના રેપીડ ટેસ્ટ સેન્ટર્સ પર વહેલી સવારથી જ ટેસ્ટ કરવા આવનારા વસાહતીઓની ભીડ જામે છે. બે-ત્રણ કલાક ઉભા રહો ત્યારે માંડ વારો આવે છે.

કોરોનાના દર્દીઓનો રાફડો ફાટ્યો છે. જ્યાં જ્યાં ત્યાં હાલમાં કોરોના-કોરોના જ સંભળાય છે. રાત-દિવસ એમ્બ્યુલન્સની સાયરનોથી શહેરના માર્ગો ગુંજતા રહે છે. ગંભીર સ્થિતિમાં હોય તેવા દર્દીઓને દાખલ કરવા હોય તો ક્યાંય જગ્યા નથી મળતી. હોસ્પિટલો હાઉસફુલ થઈ ગઈ છે. લગભગ પંદર દિવસથી આવી જ સ્થિતિ છે. આટલા દિવસ વિતવા છતાં હજુ કોઈ ખાસ બદલાવ આવ્યો હોય એવુ લાગતુ નથી.

ગાંધીનગર શહેરમાં ત્રણ-ચાર સ્થળોએ મ્યુ. કોર્પોરેશન દ્વારા રેપીડ ટેસ્ટ કરવામાં આવે છે. આ તમામ સ્થળોએ વહેલી સવારથી જ લાંબી લાંબી કતારો જોવા મળે છે. શરદી, ખાંસી, તાવ અને નબળાઈ જેવી ફરીયાદો હાલમાં વસાહતીઓમાં ખુબ જોવા મળે છે. જેના પરિણામે ટેસ્ટ કરાવનારાઓની સંખ્યા વધી છે. શહેરના તમામ ફીઝીશીયનોને ત્યાં પણ દર્દીઓની ભીડ જોવા મળે છે. ઘણા વસાહતીઓ તો તબીબો પાસે સારવાર કરાવવા જતાં પહેલાં ટેસ્ટ કરાવીને જ જાય છે. જેના કારણે યોગ્ય સારવાર મળી રહે.

સેક્ટર-૨ ના સરકારી દવાખાનામાં રેપીડ ટેસ્ટ કરવા આવનારાઓની સંખ્યા ખૂબ વધારે છે. પરિણામે ટેસ્ટ કરવાનું સ્થળ બદલવુ પડ્યું છે. સેક્ટર-૨ની સરકારી પ્રાથમિક શાળામાં હવે રેપીડ ટેસ્ટ કરવામાં આવે છે. એવી જ રીતે સેક્ટર-૨૧માં આરવર્લ્ડ થિયેટર પાસેના સેન્ટરમાં ખૂબ ભીડ જામતા અને અહીં સતત ટ્રાફિક જામ રહેતા તેનુ સ્થળ પણ બદલવુ પડ્યું છે. હવે સેક્ટર-૨૧માં રાઘે સ્વીટ્સની બાજુમાં ખુલ્લી જગ્યાએ મોટો ટેન્ટ બાંધીને અહી ટેસ્ટ કરવામાં આવે છે. ટેસ્ટ કરાવનારાઓની સંખ્યા એટલી બધી છે કે બપોર સુધીમાં તો તમામ સ્થળોએ ટેસ્ટીંગ કીટ ખુટી જાય છે. સતત ટેસ્ટીંગ કીટ મંગાવવી પડે છે. અત્યારનું સંક્રમણ બાળકોમાં ફેલાયુ હોવાથી બાળકો પણ વહેલી સવારથી કતારમાં ઉભેલા જોવા મળે છે.

### રસીકરણ માટે જાગૃતિ લાવવા રીક્ષા દ્વારા સતત પ્રચાર

ગાંધીનગર, તા. ૧૯


કોરોના વકર્યો છે ત્યારે રસીકરણ માટે તંત્રએ રીતસર ઝુંબેશ ચલાવવી પડી રહી છે. વધુને વધુ લોકો રસી લઈ લે તે માટે તંત્ર દ્વારા રીક્ષાથી પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. સેક્ટરોમાં પ્રચાર માટેની રીક્ષા સતત ફરતી રહે છે.

કોરોનાના સંક્રમણની ગતિ વધી છે ત્યારે રસીકરણ ઝુંબેશ પર પણ અસર પહોંચી છે. કેટલીક ગેરમાન્યતાઓને પરિણામે લોકો હજુ રસી લેવાનુ ટાળી રહ્યાં છે. વધુ ને વધ લોકો રસી લે તે માટે તંત્રએ કામગીરી પૂરજોશમાં આગળ વધારી છે. ગાંધીનગર શહેરના સરકારી દવાખાનાઓમાં હાલમાં રસીકરણની કામગીરી ચાલી રહી છે પરંતુ કેટલાક કારણોસર આ કામગીરી હજુ ધીમી છે. ૪૫ વર્ષથી વધુ વયના લોકોને રસી આપવાની છે પરંતુ જાગૃતિના અભાવે હજુ રસીકરણ કેન્દ્રો પર ઓછી ભીડ થાય છે.

૪૫ વર્ષથી વધુ વયના લોકો રસી લે તે માટે તંત્રએ જાગૃતિ ઝુંબેશ શરૂ કરી છે. સેક્ટર-સેક્ટરે પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત શહેરમાં ઠેર ઠેર પોસ્ટર્સ પણ લગાવવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં રસીકરણ ઝુંબેશને વધુ વેગ મળે તે માટેના પ્રયાસો પણ સ્થાનિક તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યાં છે. પ્રચાર-પ્રસાર દ્વારા રસીકરણ ઝુંબેશને વેગ આપવા માટે તંત્ર પ્રયત્નશીલ બન્યું છે.

### જન્મદિને વધામણી



ગૌરવ પટેલ



પરમાર દિનેશભાઈ ગોવિંદભાઈ
મો. ૯૯૦૯૬૪૭૩૪૬

# કોરોનાએ સવારે પતિને અને સાંજે પત્નિને કોળિયો બનાવ્યાં..!!!

ગાંધીનગર, તા. ૧૯

કાળમુખા કોરોનાએ ચો તરફ કાળો કેર વર્તાવ્યો છે અને અનેક નાગરિકોને તેના ખપ્પરમાં સમાવી પરિવારોને ઉજાડ્યાં છે. કોરોનાની આ બીજી લહેરમાં નવા સ્ટ્રેઈને એક સાથે પરિવારોના પરિવારોને સંક્રમિત કર્યા હોવાના કિસ્સા અઢળક સર્જા છે જેમાં કેટલાક કમનસીબ પરિવારોમાં એક કરતાં વધુ પરિવારજનો મોતને ભેટ્યાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. તાજેતરમાં વાવોલમાં રહેતા એક શિક્ષક કોરોનાનો ભોગ બન્યાં જેના બે દિવસમાં તેમના પિતાએ પણ જીવ ગુમાવતા પરિવારમાં ઘેરા શોકની કાલિમા પ્રસરી જવા પામી છે, આ સ્થિતિમાં શહેરમાં વધુ એક કમનસીબ ઘટનામાં એક પતિ-પત્નિએ જીવ ગુમાવ્યો છે જેમાં પતિનું સવારે મોત નીપજ્યુ અને તેજ દિવસે સાંજે પત્નિનું પણ મોત થતાં પરિવાર પર આઘાતની વિજળી તુટી પડવા પામી છે.

**સે. ૨ માં એક જ દિવસમાં પરિવારના બે સભ્યોના કોરોનાથી મોત થતાં પરિવાર પર આઘાતની વિજળી તુટી પડી : નાગરિકોને સાવચેત રહેવા સંતાનોની અપીલ**

ગાંધીનગરના સેક્ટર-૨-બી ખાતે રહેતા ૬૫ વર્ષીય નિવૃત્ત સરકારી કર્મચારી અશોકભાઈ કેશવભાઈ પટેલ સંક્રમિત થતાં તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયાં હતા તે દરમ્યાન તેમના પત્નિ રમીલાબેન પણ કોરોના પોઝિટીવ આવતાં તેઓ હોમ આઈસોલેટ થયાં હતા. આ પછી ગઈકાલે સવારે અશોકભાઈનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું તેના પછી ગણતરીના કલાકો બાદ સાંજના સુમારે રમીલાબેનનું પણ નિધન થતાં સમગ્ર પરિવાર આઘાતમાં સરી પડ્યો હતો. કાળમુખા કોરોનાએ માત્ર એક જ દિવસમાં પરિવારના બબ્બે મોભીઓને છીનવી લેતાં ચો તરફ અરેરાટી ઉપજવા પામી છે. આ મૃતક દંપતીના પુત્ર જીમિત પટેલ અને પુત્રવધુ વિધીબેન પટેલે આ આઘાતમાં નાગરિકોને પરિસ્થિતિની ગંભીરતા સમજી સાવધાની રાખવા અને કોરોનાથી બચવા બિન જરૂરી રીતે બહાર નીકળવાનું ટાળી ફરજિયાત માસ્ક પહેરવા સહિતના તમામ નિયમોનું ગંભીરતાપૂર્વક પાલન કરવા અપીલ કરી છે.

### દિવ્યાંગ વ્યકિતઓને ઘરે જઈને રસી આપવાની સુવિધા ગોઠવવા માંગ

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં કોરોના સંક્રમણની સ્થિતિ અત્યંત વિકટ બની છે અને શહેરના દવાખાનાઓ અર્બન હેલ્થ સેન્ટરો સહિત હોસ્પિટલોમાં લાંબી લાઈનો લાગી રહી છે. આ સ્થિતિમાં શહેરમાં ચાલી રહેલા વેકિસનેશન કાર્યક્રમ પર પણ અસર પડી રહી છે. વળી, શહેરમાં એક તરફ ઉનાળાની ગરમી પણ વધુ હોવાથી આ સ્થિતિમાં રસીકરણનો લાભ લેવા માંગતા દિવ્યાંગ વ્યકિતઓ માટે કફોડી સ્થિતિ સર્જાઈ રહી છે અને તેમને પડતી અસુવિધાને કારણે તેઓ રસી લેવાનું ટાળી શકે છે. આ સ્થિતિમાં મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ખાસ દિવ્યાંગ નાગરિકો માટે એક હેલ્પલાઈન શરૂ કરી તેના આધારે દિવ્યાંગોની ટેલિફોનીક નોંધણી કરીને તેમને તેમના ઘરે જઈને વેકિસન આપવાની સુવિધા ગોઠવવા વોર્ડ નં.૭ ના કોર્પોરેટર હિરલબેન જોષીએ રજૂઆત કરી છે.

# અઠવાડીયામાં માસ્ક વિના ફરતા ૧૮૪૦ નાગરીકોને પાવતી અપાઈ

## પોલીસે ૧૮.૪૦ લાખનો દંડ વસુલ્યો, જાહેરનામા ભંગના ૨૦૯ કેસ, એમવી એકટના ૪૩૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં કુદકે ને ભુસકે કોરોના સંક્રમણના દર્દીઓ વધી રહ્યા છે. અચાનક દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવતા સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં બેડ પણ ખુટી પડ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે પણ કેટલાક નાગરીકો કોરોના પ્રત્યે બેદરકારી દાખવી રહ્યા છે. ત્યારે કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે પોલીસ તંત્રએ મેદાનમાં ઉતરવુ પડ્યું હતું. માસ્ક પાવતીનુ નામ સાંભળીને જ પાટનગરવાસીઓ માસ્ક પહેરતા થયા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં તા.૧૧ થી ૧૮ એપ્રિલ દરમિયાન યોજાયેલ માસ્ક ડ્રાઈવમાં ૧૮૪૦ માસ્ક પાવતી નાગરીકોને આપવામાં આવી હતી. માસ્ક વિનાના ફરતા નાગરીકો પાસેથી પોલીસ તંત્રએ



છેલ્લા અઠવાડીયામાં રૂ.૧૮,૪૦,૦૦૦ નો દંડની વસુલાત કરાઈ છે. જયારે જાહેરનામા ભંગના ૨૦૯ કેસ નોંધાયા છે. જયારે મોટર વ્હીકલ એકટ મુજબ ૪૩૨ ગુના નોંધાયા છે. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ કોરોનાની બીજીવારની લ્હેર ઘાતક નીવડી રહી છે. કોરોના સંક્રમણનો વ્યાપ અને વિસ્તાર સતત વધી રહ્યો છે. કોવીડની વેક્સિન આવી જતા નાગરીકોને કોરોનાનો ભય રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. સરકારની કોવીડ ગાઈડ લાઈનનું પાલન યોગ્ય રીતે થઈ રહ્યું નથી. ત્યારે કોરોના અજગરી ભરડો લેતા કોરોના પોઝીટીવના કેસ વધતા નાગરીકો પણ ભયભીત બન્યા છે. ત્યારે કોરોનાને કાબુમાં કરવા માટે તંત્ર પણ મથામણ કરી રહ્યું છે. ગાંધીનગર સહિત અન્ય મોટા શહેરમાં રાત્રીના ૮ થી સવારના ૬ વાગ્યા સુધી કર્ફયુ હોય છે. જાહેર સ્થળો પર નાગરીકો મોટીસંખ્યામાં એકઠા ન થાય તે માટે પણ પોલીસ તંત્ર મેદાને છે. ત્યારે છેલ્લા અઠવાડીયમાં પોલીસ તંત્રએ માસ્ક વિના ફરતા ૧૮૪૦ નાગરીકો પાસેથી રૂ.૧૮.૪૦ લાખની દંડની વસુલાત કરી છે.જયારે ૨૦૯ કેસ જાહેરનામા ભંગના અને ૪૩૨ કેસ મોટર વ્હીકલ એકટના નોંધાયા છે.

### ખૂણેખાંચરેથી

● અમદાવાદમાં નવી જીએમડીસી ખાતે બનેલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ તરીકે ગાંધીનગર સિવિલના જનરલ સર્જન અને એસો. પ્રોફેસર ડૉ. જયદીપ ગઢવીની નિમણુંક કરવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં ભેળવાયેલ નવા વિસ્તારમાં આરોગ્ય સેવાઓ આજથી મનપાએ સંભાળી લીધી છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધી રહ્યાનો એક તરફ તંત્ર આડકતરો સ્વીકાર કરે છે પણ અગાઉ નહિ દર્શાવેલા કેસોના ડિસ્ચાર્જ બતાવી પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનો દેખાવ કરે છે તેને લઈ લોકોમાં રોષની લાગણી જન્મી છે.

● ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં હંગામી ધોરણે ૧૦૦ બેડની હોસ્પિટલ શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે કરી છે.

● દહેગામમાં કોરોનાનો મૃત્યુઆંક વધતાં લોકોમાં ભયની લાગણી પ્રસરી છે.

● દહેગામ બાયડ રોડ પર આયશરે પલ્ટી ખાતં દસ શ્રમિકો ઘવાયા છે.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ આજે તમામ સરપંચો અને તલાટીઓને પત્ર લખી કોરોનાની ગાઈડલાઈનનો ચુસ્તતાથી અમલ કરવા જણાવ્યુ છે.

● પ્રદેશ ભાજપ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા આજે માણસાની મુલાકાતે હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. પટેલ લલિતભાઈ અંબાલાલ**, ઉ.વ. ૭૪ મહેસાણા
- **સ્વ. રાઠોડ હેમંતજી જીતાજી**, ઉ.વ. ૫૪, પપુજીની મુવાડી, દહેગામ
- **સ્વ. વઢીયારા રૂખીબેન છનાભાઈ**, ઉ.વ. ૫૨, સે.૨૮, છાપરાં
- **સ્વ. મોરી નીતાકુમારી પ્રવિણકુમાર**, ઉ.વ. ૩૦, સેક્ટર-૨૪
- **સ્વ. સથવારા સીતાબેન નરેન્દ્રભાઈ**, ઉ.વ. ૫૨, સેક્ટર-૧૩
- **સ્વ. પ્રજાપતિ જશીબેન ગોપાળભાઈ**, ઉ.વ. ૫૮, આરસોડીયા, કલોલ
- **સ્વ. બારડોલી ચંદ્રશેખરભાઈ કડુપા**, ઉ.વ. ૬૭, સેક્ટર-૧૩
- **સ્વ. પરમાર મંજુલાબેન બળદેવભાઈ**, ઉ.વ. ૫૮, ઘુમા, દસક્રોઈ
- **સ્વ. સુરતી મીનાક્ષીબેન રમેશભાઈ**, ઉ.વ. ૬૩, સરગાસણ
- **સ્વ. પટેલ કોકીલાબેન કાન્તીભાઈ**, ઉ.વ. ૬૦, મોટાચિલોડા
- **સ્વ. બિહોલા ભીખુસિંહ મનુસિંહ**, ઉ.વ. ૫૫, નાંદોલ, દહેગામ
- **સ્વ. પટેલ રાજેન્દ્રભાઈ મનુભાઈ**, ઉ.વ. ૪૩, ચાંદીસણા, માણસા
- **સ્વ. યાદવ શૈલેષભાઈ ગોરધનભાઈ**, ઉ.વ. ૬૨, સેક્ટર-૪
- **સ્વ. નિમાવત રજનીકાન્ત હરજીવનદાસ**, ઉ.વ. ૭૧, સેક્ટર-૧૩
- **સ્વ. દવે પરાગ વિનોદ** , ઉ.વ. ૫૪, સેક્ટર-૬
- **સ્વ. મહારાજ વિનોદકુમાર કાન્તીલાલ**, ઉ.વ. ૬૬, સેક્ટર-૪
- **સ્વ. સોની રવિન્દ્ર કાન્તીલાલ**, ઉ.વ. ૬૦, સેક્ટર-૨
- **સ્વ. મકવાણા અમૃતભાઈ રણછોડભાઈ**, ઉ.વ. ૭૧, સેક્ટર-૨
- **સ્વ. ઠાકર ધવલકુમાર નરેન્દ્રભાઈ**, ઉ.વ. ૨૩, પાલજ
- **સ્વ. ઠાકર બિપીનભાઈ શકરાભાઈ**, ઉ.વ. ૬૨, પાલજ
- **સ્વ. પટેલ મણીભાઈ પરસોત્તમદાસ**, ઉ.વ. ૭૪, રાયસણ
- **સ્વ. વાઘેલા મધુબેન મણીલાલ**, ઉ.વ. ૫૭, સેક્ટર-૨૨
- **સ્વ. નાયર પી. વિજયચંદ્રન**, ઉ.વ. ૭૩, સેક્ટર-૪
- **સ્વ. પટેલ કાંતિભાઈ રણછોડભાઈ**, ઉ.વ. ૬૫, મોટા ચિલોડા
- **સ્વ. પિલ્લાઈ લક્ષ્મીબેન ગણેશસ્વામી**, ઉ.વ. ૫૩, કલોલ
- **સ્વ. સુથાર જયશ્રીબેન રણછોડભાઈ**, ઉ.વ. ૫૮, શેરીસા
- **સ્વ. ચમાર ઈશ્વરભાઈ ગલાભાઈ**, ઉ.વ. ૭૦, સેક્ટર-૧૪
- **સ્વ. માણીયા કુસુમબેન અરૂણભાઈ**, ઉ.વ. ૭૦, રાયસણ, ગુડા
- **સ્વ. જોષી પ્રવિણચંદ્ર મંગળદાસ**, ઉ.વ. ૬૨, પેથાપુર
- **સ્વ. ઠાકોર ફતાજી મોહનજી**, ઉ.વ. ૯૧, સે.૧૫, ફતેપુરા
- **સ્વ. ચાવડા રણજીતસિંહ જીલુજી**, ઉ.વ. ૪૦, લીમ્બોદરા
- **સ્વ. દેવસીંગ જગુનારાયણ**, ઉ.વ. ૮૩, સેક્ટર-૩
- **સ્વ. પટેલ તારાબેન રમેશભાઈ**, ઉ.વ. ૫૨, ડાંગરવા, કડી
- **સ્વ. રાઓલ મનહરબા અર્જુનસિંહ**, ઉ.વ. ૮૪, સેક્ટર-૨૮
- **સ્વ. શાહ દર્શન દિપકભાઈ**, ઉ.વ. ૩૦, સેક્ટર-૨૩
- **સ્વ. પંડ્યા મીનાક્ષીબેન કિરીટકુમાર**, ઉ.વ. ૬૯, ઘાટલોડીયા, અમદાવાદ
- **સ્વ. ગઢવી શારદાબેન બનેસિંહ**, ઉ.વ. ૭૮, આંબાવાડી, અમદાવાદ
- **સ્વ. ગોર અમરતબેન દજુજી**, ઉ.વ. ૪૬, ફુલપુરા, વલાદ
- **સ્વ. ફડિયા ભરતકુમાર પોપટલાલ**, ઉ.વ. ૭૪, સેક્ટર-૨૨
- **સ્વ. વાઘેલા રેનાબેન મણીભાઈ**, ઉ.વ. ૪૬, સેક્ટર-૨૭
- **સ્વ. પાંડે પ્રભાવતી રમેશચંદ્ર**, ઉ.વ. ૭૬, સેક્ટર-૧
- **સ્વ. પટેલ ચેલાભાઈ જીવાભાઈ** ઉ.વ. ૬૯, સેક્ટર-૩
- **સ્વ. પ્રજાપતિ ભારતીબેન ચિમનલાલ**, ઉ.વ. ૫૮, સેક્ટર-૨૨
- **સ્વ. ગુર્જર મંગુબેન લલ્લુભાઈ**, ઉ.વ. ૯૦, હાલીસા, દહેગામ
- **સ્વ. બારીયા હમીરસિંહ ભૂરાભાઈ**, ઉ.વ. ૬૬, સેક્ટર-૨૯
- **સ્વ. સોલંકી રોહિણીબેન કિરીટસિંહ**, ઉ.વ. ૫૧, સેક્ટર-૩૦
- **સ્વ. ત્રિવેદી મનુભાઈ રેવાશંકર**, ઉ.વ. ૭૬, સેક્ટર-૨
- **સ્વ. વણઝારા કમુબેન વિસાજી**, ઉ.વ. ૭૧, સે.૨૪, છાપરાં
- **સ્વ. સોલંકી હઠીસિંહ કલ્યાણસિંહ**, ઉ.વ. ૩૬, વાવડી, તલોદ
- **સ્વ. ચૌધરી મંજુલાબેન વેલજીભાઈ**, ઉ.વ. ૫૦, બાલવા, માણસા
- **સ્વ. પટેલ નિરવકુમાર ભીખાભાઈ**, ઉ.વ. ૩૫, સેક્ટર-૨૮
- **સ્વ. દેસાઈ ચતુરબેન બાલાભાઈ**, ઉ.વ. ૭૦, હાલીસા, દહેગામ
- **સ્વ. મિસ્ત્રી ધીરૂભાઈ કુવરજીભાઈ**, ઉ.વ. ૬૫, સેક્ટર-૨૪
- **સ્વ. પ્રજાપતિ જયંતિભાઈ હિરાભાઈ**, ઉ.વ. ૫૭, નારોલા, કડી
- **સ્વ. પરમાર ડાહ્યાભાઈ ધનાભાઈ**, ઉ.વ. ૭૫, સેક્ટર-૨
- **સ્વ. પટેલ કપિલાબેન ઈશ્વરભાઈ**, ઉ.વ. ૭૦, મગોડી

# મોઘવારી બેકાબુ...!! લીંબુ અને મોસંબી ૨૦૦ રૂ. કિલો

ગાંધીનગર, તા. ૧૯

કોરોનાને કારણે સામાન્ય થી લઈ તમામ નાગરિકોને આજે તકલીફ પડી રહી છે. આર્થિક રીતે સામાજીક રીતે તકલીફ પડવા સાથે મેડિકલ ક્ષેત્રે પણ કોરોના ઈન્ફેકટેડ દર્દીને તકલીફ પડી રહી છે. ક્યાંક ઓક્સિજન માટે દોડવુ પડે છે તો ક્યાંક મોંઘવારીને કારણે, સમયસર જમવાનું મેળવવું કે ઘરમાં દર્દીની સારવાર કરાવવી તે અંગે પ્રશ્ન થઈ રહ્યો છે. સામાન્યથી સામાન્ય થી સામાન્ય શાકભાજી સાથે ખાદ્ય તેલના ભાવ પંદરસો બે હજારથી લઈ ૨૮૦૦ રૂ. એ પહોંચ્યો છે. બિમારીમાં અને ખાસ કોરોનામાં જ્યારે વિટામિન સી લીંબુ અને ઓરેંજની જરૂર પડે છે ત્યારે લીંબુ ૨૦૦ રૂ. લેખે અને મોસંબી ૧૬૦ થી ૨૦૦ રૂ. કિલો વેચાય છે. હવે દવા



સિવાય ફ્રૂટ ખરીદવા માટે પણ મોંઘવારી નડતા અનેક મધ્યમ વર્ગીય શહેરીજનોને તકલીફ પડી રહી છે.

શહેરમાં કોરોનાને કારણે કપરી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે દિવસે દિવસે વધતી મોંઘવારીને લઈને શહેરીજનો ચિંતિત છે. ખાદ્યતેલ, શાકભાજી, ફળો સાથે અનેક ચીજવસ્તુ જરૂરીયાતમંદ ચીજવસ્તુઓના ભાવમાં અચાનક વધારો થતાં જરૂરિયાતની ચીજવસ્તુઓઓ ભાવમાં અચાનક વધારો થતાં જરૂરિયાતની ચીજવસ્તુઓ પહેલા ખરીદવી કે દવા ? આ બાબત વચ્ચે મધ્યમ વર્ગ ખાસ મુંજાય છે. કોરોનાના દર્દીને જ્યારે લીંબુ પાણી અને નારંગી મોસંબીનો રસ પીવાની ડૉક્ટરો સલાહ આપે છે ત્યારે ૨૦૦ રૂ. કિલો લીંબુ અને મોસંબી કે નારંગી કેમના ખરીદવા ? દરરોજની દવા, ઓક્સિજનનો ખર્ચા સાથે મોંઘા ફળો જો ઘરના એક જ દર્દી પાછળ ખર્ચાય તો બાકીના સભ્યોનુંશું? અને જો દરેક ઘરમાં કોરોના ઘુસ્યો છે તો દરેક પાછળ આ દરરોજના ૧૦૦ થી ૨૦૦ રૂ. નો ખર્ચો કેમનો પોસાય ? આજે નારીયેળ ૩૦ રૂ. માં મળતા હવે ૫૦ થી ૯૦ રૂ.માં એક નંગ વેચાય છે. કિવી પ્રતિ નંગ ૫૦ રૂ. થઈ ગઈ છે.

જાણવા મળ્યા મુજબ યાર્ડ સુધી છૂટક વેપારી બરાબર ભાવે વસ્તુ આપે છે પરંતુ હવે યાર્ડમાં આ વસ્તુઓના સોદા મોંઘા થાય છે અને તેના પર ત્રણ ચાર ગણો નફો ઉમેરીને વેચાણ કરાય છે. મોંઘી દવા, મોંઘા ફળ, મોંઘુ શાક, મોંઘા ખાદ્ય તેલ, મોંઘુ પેટ્રોલ જો આમ જ ચાલશે તો શહેર કોરોનામુક્ત અને સ્વસ્થ ક્યારે બનશે ?

# કોરોનાના વધતા સંક્રમણની વચ્ચે યુ.પી.એસ.સી દ્વારા એન.ડી.એ પરીક્ષાનું સફળ આયોજન

ગાંધીનગર, તા.૧૯

ગતરોજ એટલેકે તા.૧૮ એપ્રિલ, રવિવારના રોજ અમદાવાદના વિવિધ પરીક્ષા મથકોમાં યુ.પી.એસ.સી દ્વારા સંરક્ષણ ક્ષેત્રે જોડવા માટેની અતિ મહત્વની પરીક્ષા એન.ડી.એ.(નેશનલ ડિફેન્સ એકેડમી)પરીક્ષાનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જયારે ભારતભરમાં મોટા ભાગની પરીક્ષાઓ આ કોરોનાકાળમાં રદ અથવા પાછી ઠેલવાઈ રહી છે ત્યારે યુ.પી.એસ.સી દ્વારા વાલી અને વિદ્યાર્થીઓની છેલ્લી ઘડી સુધી પરીક્ષા યોજાશે કે નહીંની ઘણી અટકળોના અંતે એન.ડી.એ પરીક્ષા નિર્ધારીત સમયે જ લેતા સર્વે અટકળોનો અંત આવ્યો હતો.ધોરણ ૧૨ ની શૈક્ષણિક લાયકાત ધરાવતા અને ઓગણીસ થી સાડા ઓગણીસ વર્ષની વય મર્યાદા ધરાવતા વિદ્યાર્થીઓ આ પરીક્ષાને લાયક ઠરે છે. ખાસ કરીને જે જેનું લક્ષ્ય સંરક્ષણ ક્ષેત્રે ઑફિસર તરીકે જોડાવું છે એવા





વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા પાસ કરવું એક સપનું હોય છે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે ૨ વાર યોજાતી આ પરીક્ષામાં વિદ્યાર્થીઓ ઉલ્લાસભેર ભાગ લે છે. આ વર્ષે પણ ભારતભરમાંથી અંદાજિત ૪ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરી હતી પણ કોરોનાના કારણે આ વર્ષે વિદ્યાર્થીઓની હાજરી ઉપર અસર જરૂર વર્તાઈ હતી. આ અંગે ડિફેન્સ યુનિકોર્ન ગાંધીનાગરના યુનિટ હેડ હિતેન્દ્રસિંહ સાથે વાત કરતા એમને જણાવ્યું હતું કે ગુજરાતમાં પહેલેથી જ આ પરીક્ષા વિશે જાગૃકતા ઓછી હોવાથી અન્ય રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા કરતા આ પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી જોવા મળે છે.ઉપરથી આ વર્ષે કોરોનાના કારણે ગુજરાતમાં અન્ય જિલ્લા અથવા દૂરથી અમદાવાદ આવવુ જરા મુશ્કેલ ભર્યું સાબિત થયું હતું.જેના કારણે આ વર્ષે વિદ્યાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ડિફેન્સ યુનિકોન સંસ્થાના ચીફ મેન્ટર શ્રી હાર્દિક પરીખ એ જણાવ્યું હતું કે જયારે અન્ય પરીક્ષાઓ પાછી ઠેલવા માં આવી રહી છે ત્યારે એન ડી એ (NDA)ની પરીક્ષા લેવાઈ છે કારણ કે આ પરીક્ષા આપણા દેશની રક્ષા અને સંરક્ષણ ને સંલગ્ન છે. તેથી આને ભાગ્યેજ પાછી ઠેલવામાં આવે. કંઈ પણ થાય પણ દેશની સુરક્ષામાં બાંધછોડ થાય નહિ તેવી તેમને જણાવ્યું હતું. જયારે ભૂતપૂર્વ કમાન્ડન્ટ શ્રી ભારદ્વાજ એ ઉમેર્યું હતું કે નજીક ના ભવિષ્યમાં પણ સંરક્ષણ ને લાગતી પરીક્ષાઓ લેવાતી રહેશે તેવી આશા છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ





**સીસ્ટર, એ બોય હોય કે ગર્લ હોય... તેને કોરોના ટેસ્ટ કરાવીને માસ્ક પહેરાવીને પછી મને આપો...!!**



જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા આ વર્ષનો પ્રથમ સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. કોરોનાની મહામારીને ધ્યાનમાં લઈ માનવીય અભિગમ અપનાવી જૈન સોશ્યલ ગૃપ દ્વારા તથા અન્ય સંસ્થાના સભ્યોને કોરોના આરોગ્ય રક્ષણાત્મક કિટ-વિતરણ કરવામાં આવ્યુ હતુ. રવિવારે યોજાયેલ આ કાર્યક્રમમાં મર્યાદિત કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં ક્રિષ્ના વૃદ્ધાશ્રમ, સાહેલબા વૃદ્ધાશ્રમ, કૈલાસધામ વૃદ્ધાશ્રમ, પુનિતધામ તીર્થ ખાતે કોરોના આરોગ્ય રક્ષણાત્મક કીટ અપાઈ હતી. આ કીટમાં ઓક્સીપાસ મીટર, નાસ મશીન, માસ્ક, સેનીટાઈઝર, વિટામીન સી- ઝીંક વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.